# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પાકિસ્તાને ભારત સાથેની યુધ્ધ વિરામ સમજૂતીનું ઉલ્લંઘન કર્યું.**
2. **સરહદી વિસ્તારોમાં ડ્રોન દેખાતાં ગઈ કાલે ભુજ , દ્વારકા અને જામનગર જિલ્લામાં બ્લેકઆઉટ કરાયું.**
3. **આજે મધર્સ ડે પ્રસંગે અમદાવાદની સિવિલ હોસ્પિટલ સહિત કેટલાક સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.**
4. **IPL લીગને પૂર્ણ કરવા સુધારેલું સમયપત્રક નક્કી કરવા આજે બીસીસીઆઇની બેઠક યોજાશે.**
5. **આજે રાજ્યનાં અનેક જિલ્લામાં કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CEASEFIRE VIKRAM MISRI PC

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું છે કે પાકિસ્તાને યુધ્ધ વિરામ સમજૂતીનું વારંવાર ઉલ્લંઘન કર્યું છે. નવી દિલ્હીમાં ગઈ કાલે પત્રકારોને માહિતી આપતા શ્રી મિસરીએ જણાવ્યું કે, સશસ્ત્ર દળો આ ઉલ્લંઘનોનો પૂરતો અને યોગ્ય જવાબ આપી રહ્યા છે અને નવી દિલ્હી આ ઉલ્લંઘનની ખૂબ જ ગંભીર નોંધ લે છે.

શ્રી મિસરીએ આ અંગે વધુ માહિતી આપીઃ

## (BYTE MISRI VIOLATION)

ભારતે પાકિસ્તાનને આ ઉલ્લંઘન અટકાવવા અને પરિસ્થિતિનો ગંભીરતા અને જવાબદારી સાથે સામનો કરવા માટે યોગ્ય પગલાં લેવા માગણી કરી છે. શ્રી મિસરીએ જણાવ્યું કે, સશસ્ત્ર દળો પરિસ્થિતિ પર કડક નજર રાખી રહ્યા છે. તેમણે કહ્યું કે, સશસ્ત્ર દળોને આંતરરાષ્ટ્રીય સરહદ તેમજ નિયંત્રણ રેખા પર ઉલ્લંઘનના પુનરાવર્તનની કોઈપણ ઘટના સાથે કડક કાર્યવાહી કરવાની સૂચનાઓ આપવામાં આવી છે.

ભારતે નિર્ણય લીધો છે કે , ભવિષ્યમાં કોઈ પણ ત્રાસવાદી કૃત્યને ભારત સામેનું એક્ટ ઓફ વોર ગણવા માં આવશે અને સરકાર એ મુજબ જવાબ આપશે. ટોચનાં સરકારી સૂત્રોએ આ અંગે પુષ્ટી કરી હતી.

દરમિયાન, ગઈ કાલે લેફ્ટનન્ટ કર્નલ સોફી કુરેશીએ પત્રકારોને જણાવ્યું કે , ભારત સામેની ઉશ્કેરણીજનક કાર્યવાહી પછી પાકિસ્તાનને ભારે નુકસાન થયું

છે. ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાતી આતંકવાદી શિબિરો અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને આ કામગીરી હાથ ધરવામાં આવી છે.

તેમણે કહ્યું કે પાકિસ્તાને ખોટી માહિતી ફેલાવવાના ઘણા પ્રયાસો કર્યા અને તેના જેએફ- 17 દ્વારાભારતના એસ 400 અને બ્રહ્મોસ મિસાઇલ બેઝને નષ્ટ કરવાનો પાકિસ્તાનનો દાવો સંપૂર્ણપણે ખોટો હતો.

---

# PAKISTAN VIOLATION BLACK OUT

પાકિસ્તાની સેનાએ ગઈ કાલે બંને દેશો દ્વારા ગોળીબાર અને સૈન્ય કાર્યવાહી રોકવા માટે સંમત થયાના ગણતરીનાં કલાકો બાદ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરનાં કેટલાંક વિસ્તારો ઉપરાંત ગુજરાતનાં સરહદી જિલ્લાઓમાં ગઈકાલે રાત્રે ડ્રોન જોવા મળ્યા હોવાનાં અહેવાલ છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે X પર જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં ડ્રોન જોવા મળ્યા છે. આ ઘટનાને પગલે ભુજમાં બ્લેકઆઉટ જાહેર કરવામાં આવ્યું હતું. ભૂજના અમારા સંવાદદાતા જણાવે છે કે, નલિયા નજીક પાકિસ્તાનનું ડ્રોન દેખાતા તોડી પાડવામાં આવ્યું હતું. જ્યારે હરામીનાળા વિસ્તારમાં પણ ડ્રોન દેખાયું હતું.

દ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધી કરણ જોષી જણાવે છે કે , ગઈ કાલે ખંભાળિયા સહિતના શહેરોમાં બ્લેક આઉટ કરવામાં આવ્યું. પોલીસ અને પ્રાંત અધિકારી દ્વારા રાત્રીના સમયે પેટ્રોલપંપ સહિત શહેરના મુખ્ય માર્ગો પર પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. જિલ્લાના સલાયા , ભાણવડ ,ખંભાળિયા વાડીનાર સહિતના સ્થળોએ પણ બ્લેકઆઉટનો અમલ કરાવવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લાના અમારા પ્રતિનિધી જગત રાવલ જણાવે છે કે ,
પાકિસ્તાન દ્વારા યુધ્ધવિરામના ઉલ્લંઘન બાદ
ગઈ કાલે રાત્રે કલેક્ટર કેતન ઠક્કરે રાત્રે ૧૧.૦૦ કલાકથી આજે સવારે છ વાગ્યા સુધી સમગ્ર જિલ્લામાં બ્લેકઆઉટ જાહેર કર્યો હતો.

---

# DIU POLICE

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના નાગવા હવાઈ મથક નજીક ધંધાર્થીઓને શંકાસ્પદ વ્યકિત કે કોઈ ગેરકાયદેસર પ્રવૃતિઓ અંગે સમજૂતી અપાઈ હતી. અમારા પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે નાગરિકોની સુરક્ષાને લઈ લોકોને સાવચેત રહેવા દીવ હવાઈમથક સત્તાધિકારી, પોલીસ વિભાગ તથા CISFના જવાનો દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ તથા દરિયા કિનારાના ધંધાર્થીઓને સાવચેત રહી કોઈપણ અજાણ્યા વ્યકિત કે શંકાસ્પદ અને ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા હોય તેવુ જણાય તો તાત્કાલિક દીવ પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

---

# BLOOD DONATION

પ્રવર્તમાન સ્થિતિને પગલે લોહીની આકસ્મિક જરૂરિયાતને પહોંચી વળવા વિવિધ જિલ્લામાં રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આજે મેગા બ્લડ ડોનેશન ઝુંબેશ શરૂ કરાશે.

સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા શહેર અને જિલ્લાના અન્ય સ્થળોએ જઇને પણ બ્લડ કલેક્ટ કરાશે.  આ અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.રાકેશ જોષીએ વધુ માહિતી આપી.

## (બાઈટ – રાકેશ જોષી)

દરમિયાન, ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે મણીબેન કોટક હાઈસ્કૂલ , ખાતે આજે  'બ્લડ ડોનેશન ' કેમ્પ યોજાશે.  અમદાવાદ શહેર/ગ્રામ્ય વિસ્તારોની તમામ વહીવટીતંત્રની કચેરીઓ, APMC જેવા સ્થળોએ  આજથી 16 મે સુધી બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. ભાવનગરમાં પણ આજે  સવારે ૯-૦૦ થી બપોરના ૨-૦૦ કલાક સુધી મોતીબાગ ટાઉન હોલ ખાતે  'મેગા બ્લડ ડોનેશન કેમ્પ ' નું આયોજન કરવામાં આવ્યું છે.

---

# GPSC EXAM

ગુજરાત જાહેર સેવા આયોગ-  GPSC દ્વારા આજે યોજાનાર પરીક્ષા માટે સરકારી કર્મચારી મુખ્ય મથક છોડી0 પરીક્ષા આપવા જઈ શકશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે મદદનીશ પર્યાવરણ ઈજનેર - વર્ગ ૨ અને ખેતી નિરીક્ષક  -  વર્ગ ૩ની પરીક્ષા માટે અનેક સરકારી કર્મચારીઓએ ઉમેદવારી કરી છે.

---

# NATIONAL TECHNOLOGY DAY

આજે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ છે.

૧૯૯૮માં આજના દિવસે ભારતે , રાજસ્થાનના પોખરણમાં પરમાણુ બોમ્બનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. આ દિવસ , દેશની પ્રગતિ અને વિકાસમાં ટેકનોલોજીની મહત્વપૂર્ણ ભૂમિકા અને ભારતના પ્રથમ સ્વદેશી વિમાન હંસા- 3 ના પ્રક્ષેપણ તથા છઠ્ઠા વૈશ્વિક પરમાણુ પરીક્ષણમાં ભારતની તકનીકી કુશળતા , વૈજ્ઞાનિકો, ઇજનેરો અને નવીનતાઓના યોગદાનની યાદમાં ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસનો ઉદ્દેશ્ય રોજિંદા જીવનમાં ટેકનોલોજીની ભૂમિકાને પ્રકાશિત કરવાનો અને યુવાનોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રસ કેળવવાનો છે.ઉલલેખનીય છે કે કૃત્રિમ બુદ્ધિમતા , બાયોટેકનોલોજી અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ જેવી અદ્યતન ટેકનોલોજી દેશમાં પ્રગતિ અને નવીનતાને વેગ આપે છે.

---

# BCCI-IPL

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ( BCCI) ના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે બોર્ડના અધિકારીઓ અને IPL ગવર્નિંગ કાઉન્સિલ આજે સ્થગિત કરાયેલી ટી20 લીગને પૂર્ણ કરવા માટે શ્રેષ્ઠ શક્ય સમયપત્રક અંગે ચર્ચા કરશે.

ભારતના ઓપરેશન સિંદૂર બાદ બોર્ડે શુક્રવારે IPL સ્થગિત કરી દીધી હતી. સ્પર્ધામાં હજુ ૧૬ મેચ બાકી છે. 8 મેના રોજ ધર્મશાળામાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ ભારત-પાકિસ્તાન સંઘર્ષને કારણે રદ કરવામાં આવી હતી.

---

# WEATHER

રાજ્યભરમાં આગામી બે દિવસ વરસાદી માહોલ યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આજે ઉત્તર , મધ્ય અને દક્ષિણ ઝોનના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી છે . સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં પણ 50 થી 60 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવવાની સાથે વરસાદી માહોલ જોવા મળશે. આ અંગે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપી હતી.

## (બાઈટ- રામાશ્રય યાદવ)

તળાજાના પીથલપુર પંથકમાં બપોરે ધોધમાર વરસાદ પડ્યો હતો . ભાવનગર શહેરમાં એક ઇંચ જેટલો વરસાદ પડ્યો છે.

ગઈકાલે ડાંગ જિલ્લાના સાપુતારા સહિતના પંથકોમાં ગાજ-વીજ સાથે વરસાદ પડ્યો હતો. સાપુતારામાં બે કલાકમાં એક ઈંચ વરસાદ પડ્યો છે. સાબરકાંઠાના ઈડરમાં અને દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં પણ ધોધમાર વરસાદ થયો હતો.

રાજ્યમાં ગઈકાલે મહતમ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે 38 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં અનુક્રમે 35 અને 34 ડિગ્રી

સેલ્સિયસ નોંધાયું હતું. આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

---

# FOOT BALL

અમદાવાદમાં રમાઇ રહેલી ગુજરાત સુપર લીગ ફુટબોલ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ અને કર્ણાવતી નાઇટ્સ વચ્ચેની મેચ 1-1થી ડ્રોમાં પરિણમી હતી. કર્ણાવતી નાઇટ્સ તરફથી સેજી જોસેફ હાઓકિપે અને સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ તરફથી હરપ્રિત સિંહે એક એક ગોલ કર્યો હતો.

સેજી જોસેફને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

---

# ROLLAR SCKETING

ગુજરાતના ખ્વાબ અંતાણીએ નવી દિલ્હીમાં યોજાયેલી SGFAIની નેશનલ રોલર સ્કેટિંગ સ્પર્ધાની અન્ડર-17 કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ખ્વાબ અંતાણી અગાઉ પણ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ચંદ્રકો જીતી ચૂક્યા છે.

---